ફી નિયમન સમિતિ – વડોદરા વિભાગ, વડોદરા.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,અનાવિલ ભવનની સામે, કારેલીબાગ,વડોદરા.
Ph.0265-2488487 E.mail add:- frcvadodara@gmail.com
U-Dise- 24191 303002
E-mail : parivarvidyalaya@gmail.com

વડોદરા રીવ્યુ અરજી નં.૭૫/૨૪-૨૫ દરખાસ્ત નં.VD-૭૫/૨૦૨૪-૨૫.

તા.૧૯-૦૮-૨૦૨૫.

અરજદાર શાળા :- પરિવાર વિદ્યાલય (GSEB) (ગુજરાતી માધ્યમ), પરિવાર બિલ્ડીંગનં.૨, રામનગર સોસાયટી, આજવા રોડ, જી.વડોદરા-૩૯૦૦૧૯.

વિષય :- સને-૨૦૨૪-૨૫ થી સને-૨૦૨૬-૨૭ પ્રિ.પ્રાયમરી થી ઉચ્ચતર માધ્યમિક જનરલની ફી વધારા માટેની દરખાસ્ત.

અનુસંધાન :-

(૧) ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭.

(૨) ગુજરાત સ્વનિર્ભર શાળા (રેગ્યુલેશન ઓફ ફીઝ) નિયમો, ૨૦૧૭.

(૩) દરખાસ્ત સાથે રજૂ કરેલ પેપર્સ.

(૪) તા.૦૭-૦૮-૨૦૨૫ની સુનાવણી દરમિયાન રૂબરૂ રજૂઆત.

-:: સુનાવણી હુકમ ::-

(૧) અરજદાર શાળાએ ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને ૨૦૧૭ અને તે અંતર્ગત ગુજરાત સ્વનિર્ભર શાળા ફી નિયમન (નિયમો) સને-૨૦૧૭ ના નિયમ-૬ અન્વયે ફી નિયમન સમિતિ, વડોદરા સમક્ષ પોતાની દરખાસ્ત રજૂ કરી છે. જે દરખાસ્ત નં:-VD-૭૫/૨૦૨૪-૨૫ સંબંધે ફી નિયમન સમિતિ દ્વારા તા:-૩૦/૧૨/૨૦૨૪નાં રોજ રજૂ કરવામાં આવેલ પેપર્સ ધ્યાને લઇ નીચે મુજવનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ.

// હુ ક મ //

અ.નં.	ધોરણ	માધ્યમ	વિદ્યાર્થીની સંખ્યા	સૂચિત ફીની માગણી	ફી નિયમન સમિતિ ધ્વારા નક્કી કરેલ ફી.
			૨૦૨૪-૨૫.	૨૦૨૪-૨૫.	૨૦૨૪-૨૫.
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)
(૧)	નર્સરી	ગુજરાતી	૪૦	રૂા.૧૮,૦૦૦/-	રૂા.૧૪,૨૦૦/-
(૨)	જુ.કે.જી.	ગુજરાતી	૨૫	રૂા.૧૮,૦૦૦/-	રૂા.૧૪,૨૦૦/-
(૩)	સી.કે.જી.	ગુજરાતી	૨૫	રૂા.૧૮,૦૦૦/-	રૂા.૧૪,૨૦૦/-
(૪)	૧	ગુજરાતી	૩૫	રૂા.૨૪,૦૦૦/-	રૂા.૧૫,૮૦૦/-
(૫)	૨	ગુજરાતી	૫૦	રૂા.૨૪,૦૦૦/-	રૂા.૧૫,૮૦૦/-
(૬)	૩	ગુજરાતી	૩૭	રૂા.૨૪,૦૦૦/-	રૂા.૧૫,૮૦૦/-
(૭)	૪	ગુજરાતી	૩૮	રૂા.૨૪,૦૦૦/-	રૂા.૧૫,૮૦૦/-
(૮)	૫	ગુજરાતી	૫૫	રૂા.૨૪,૦૦૦/-	રૂા.૧૫,૮૦૦/-
(૯)	૬	ગુજરાતી	૪૮	રૂા.૨૬,૦૦૦/-	રૂા.૧૫,૮૦૦/-

Scanned with CamScanner

(૧૦)	૭	ગુજરાતી	૫૪	રૂા.૨૬,૦૦૦/-	રૂા.૧૫,૮૦૦/-
(૧૧)	૮	ગુજરાતી	૭૩	રૂા.૨૬,૦૦૦/-	રૂા.૧૫,૮૦૦/-
(૧૨)	૯	ગુજરાતી	૪૫	રૂા.૨૭,૦૦૦/-	રૂા.૨૩,૧૦૦/-
(૧૩)	૧૦	ગુજરાતી	૪૫	રૂા.૨૭,૦૦૦/-	રૂા.૨૩,૧૦૦/-
(૧૪)	૧૧ જનરલ	ગુજરાતી	૧૦	રૂા.૪૦,૦૦૦/-	રૂા.૩૬,૫૦૦/-
(૧૫)	૧૨ જનરલ	ગુજરાતી	૧૦	રૂા.૪૦,૦૦૦/-	રૂા.૩૬,૫૦૦/-

શરતો :-

૧) સને ૨૦૨૪-૨૫ની નક્કી કરેલી ફી ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ ની કલમ-૨ (જી) અન્વયે નક્કી કરેલી ફી છે.

૨) અરજદાર શાળાએ સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં વૈકલ્પિક ફીની રકમ નક્કી કરવામાં આવેલી ફી અલગથી વસુલ કરી શકશે અને તેમાં વિદ્યાર્થીના વાલીની તે પ્રવૃત્તિ માટે સંમતિ લેવાની રહેશે.

૩) અરજદાર શાળાએ સને ૨૦૨૪-૨૫ની શૈક્ષણિક ફી માસિક તેમજ ત્રિમાસિક ધોરણે વસુલ કરી શકશે.

૪) કોઇ પણ વાલીએ સને ૨૦૨૪-૨૫ના વર્ષ માટે વચગાળાના હુકમ કરતાં શાળાના માન્ય કરેલ ફી મુજ વધુ રકમ વસુલ કરેલી હશે તો અન્ય ક્વાટરમાં આ હુકમ બાદ મજરે આપવાની રહેશે.

૫) ફી નિયમન સમિતિ ધ્વારા સને ૨૦૨૪-૨૫ ના વર્ષની નક્કી કરેલી ફીના ૫ ટકા રકમનો વધારો ૨૦૨૫-૨૬ તેમજ સને ૨૦૨૫-૨૬ ની નક્કી કરેલી ફીના ૫ ટકાનો વધારો સને ૨૦૨૬-૨૭ ના વર્ષમાં શકશે.

૬) અરજદાર શાળા વચગાળાના હુકમ મુજબની ફી કરતાં વધુ ફી વસુલ કરી શકશે નહિ. કોઇ સંજોગ વચગાળાના હુકમમાં ફેરફાર થાય અથવા ફી રીવીઝન કમિટીના હુકમમાં ફેરફાર થાય ત્યારે જે હુકમ તારીખે થયો હોય તેના બીજા ક્વાટરમાં હુકમ મુજબ ફીમાં ફેરફાર કરવાનો રહેશે તે સિવાય ફી નિય સમિતિએ કરેલા હુકમ મુજબની જ ફી શાળાએ વિદ્યાર્થી પાસેથી વસુલ કરવાની રહેશે અને આ હુકમ અનાદર કરવામાં આવશે ત્યારે શાળા વિરૂધ્ધ ફી નિયમન અધિનિયમની જોગવાઇઓ હેઠળ શિક્ષાત કાર્યવાહી કરવામાં આવશે.

૭) અરજદાર શાળાએ વચગાળાના હુકમથી નારાજ હોય તો તેઓએ દિન-૭ માં ફી નિયમન સમિતિ, વડો સમક્ષ કારણો સહીતની લેખિતમાં રીવ્યુ અરજી કરવાની રહેશે. જો અરજદાર શાળા વચગાળાના હુ વિરૂધ્ધ નક્કી કરેલી સમય મર્યાદામાં રીવ્યુ અરજી કરવામાં નિષ્ફળ જાય ત્યારે વચગાળાનો કરેલો હુ આખરી અને નિર્ણાયક ગણવામાં આવશે.

૮) અરજદાર શાળાએ સને ૨૦૨૪-૨૫ની ફી નિયમન સમિતિ, વડોદરા ધ્વારા નક્કી કરવામાં આવેલી શાળાના નોટીસ બોર્ડ ઉપર તેમજ શાળાની વેબસાઇટ ઉપર અંગ્રેજી તેમજ ગુજરાતીમાં પ્રસિધ્ધ કરવા રહેશે.

(૨) શાળાએ ઉપરોકત આદેશથી સંતોષ ના હોઇ ફી નિયમન સમિતિ સમક્ષ હાલની રીવ્યુ અર દાખલ કરેલ છે. જે રીવ્યુ અરજી નં.૬૫/૨૦૨૪-૨૫ તા.૦૮/૦૧/૨૦૨૫ના રોજથી રજીસ્ટ્ર કરવામાં આવેલ છે. રીવ્યુ અરજીના કામે શાળાને નોટીસ કાઢી સુનાવણી રાખવામાં આવેલ જેમ તા.૦૭/૦૮/૨૦૨૫ના રોજ શાળાના પ્રતિનિધિ હાજર રહેલ છે.

(૩) સુનાવણી દરમિયાન શાળાએ લેખીત તથા મૌખીક રજૂઆત કરેલ છે. અને સુનાવણીના અંત શાળા પોતાની રીવ્યુ અરજી આગર ચલાવવા માંગતી ન હોઇ લેખીત સંમતી (પુરસીસ) ર રાખેલ છે અને શાળાએ અગાઉ વચગાળાનો આદેશ કાયમ કરવામાં આવેતો વાંધો નથી. તેવ

Scanned with CamSc

(૪) આમ શાળા પોતાની રીવ્યુ અરજી આગળ ચલાવવા માંગતી ન હોઇ અને વચગાળાનો ર કબુલ રાખતા હોઇ ફી નિયમન સમિતિ દ્વારા નીચે મુજબનો હુકમ કરવાનો ઉચીત માન આવે છે.

હુકમ

૧. શાળાની રીવ્યુ અરજી તા.૦૭/૦૮/૨૦૨૫ની લેખીત સંમતી મુજબ વિડ્રો ગણી તે ન નિકાલ કરવામાં આવે છે અને અગાઉ તા.૩૦/૧૨/૨૦૨૪ના રોજ ફી નિયમન સમિતિ દરખાસ્ત નં.VD-૭૫/૨૦૨૪-૨૫ના કામે કરવામાં આવેલ આદેશ કાયમ કરવામાં આવે છે.

૨. શાળાએ તા.૩૦/૧૨/૨૦૨૪ના રોજ કરવામાં આવેલ આદેશનું પાલન કરવું.

આજ તા:- ૧૯ માહે ઓગષ્ટ સને ૨૦૨૫.

સ્થળ :- વડોદરા.

ફી નિયમન સમિતિ વડોદરા વિભાગ,વડોદરાના તા.૧૯/૦૮/૨૦૨૫ ના આદેશાનુંસાર

(એમ.આર.પાંડે)
ચીફ કો-ઓર્ડીનેટર
ફી નિયમન સમિતિ
વડોદરા વિભાગ,વડોદરા.

પ્રતિ,આચાર્ય/સંચાલકશ્રી, પરિવાર વિદ્યાલય (GSEB) (ગુજરાતી માધ્યમ), પરિવાર બિલ્ડીંગ
રામનગર સોસાયટી, આજવા રોડ, જી.વડોદરા-૩૯૦૦૧૯.....

નકલ રવાના:- મુખ્ય સંયોજકશ્રી, જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી,વડોદરા તરફ જાણ તથા અમલ ક સારૂ.

Scanned with CamSc